**<u>ફો.કે.નંબર :– ૪૫૯૪૩ / ૨૦૨૦</u>**

(૧) આ કામમાં પોલીસ ધ્વારા આરોપી/ઓ વિરૂધ્ધ ધી જુગાર ધારાની કલમ ૧૨ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી/ઓ અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી/ઓ સ્પે. સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓ સ્પે. સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપી/ઓની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપી/ઓએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપી/ઓને સાંભળતા આરોપી/ઓએ આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલા વાળા છે અને તેમના કુટુંબના ભરણપોષણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપી/ઓને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપી/ઓ વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

'' **<u>હુકમ</u>** ''

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ આરોપી/ઓને ધી જુગાર ધારાની કલમ ૧૨ મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી દરેક આરોપી/ઓને રૂપિયા ૧૦૦/– અંકેરૂપિયા એક સો પુરા દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતાં સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી/ઓ દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ પૈકી રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે, બાકીના મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી નં.૪ દર્શાવેલ છે તેની સામે ફરીયાદમાં આક્ષેપ નથી. આથી તેના વિરૂધ્ધ કોઈ કેસ જણાય આવતો નથી. આથી તેને બીનતહોમત મુકત કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૧૨/૦૩/૨૦૨૨.
અમદાવાદ

**( જીજ્ઞેશ જી. દામોદ્રા )**
એડી. ચીફ મેટ્રો. મેજી.,કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે૦૦૯૯૬.